ડો. એન. બી. ધોળકીયા
અધિક નિયામક (પરિવાર કલ્યાણ)

ક્રમાંકઃ-પ.ક-"મા વાત્સલ્ય" યોજના/રેશન કાર્ડ બાબત/૨૦૧૫

કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ), બ્લોક નં.-૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
ફોન નં.- ૨૩૨૫૩૩૧૧, ફેકસ નં.૨૩૨૫૩૩૦૪

તા -૦૬-૦૯-૨૦૧૫ ૧૦

પ્રતિ,

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, આરોગ્ય શાખા- તમામ

MOH તમામ

વિષયઃ- મુખ્યમંત્રી અમૃતમ "મા વાત્સલ્ય" યોજના હેઠળ કાર્ડ કઢાવવા માટે રેશન કાર્ડ બાબત

આપશ્રીને જણાવવાનું કે,વાર્ષિક રૂ. ૧.૨૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો માટે "મા વાત્સલ્ય" યોજના હેઠળ ગંભીર બિમારીઓ જેવી કે હૃદય, મગજ, કીડનીને લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર, ગંભીર ઇજાઓ તેમજ નવજાત શીશુઓના રોગોની સારવાર માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂ. ૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

"મા વાત્સલ્ય" યોજનામાં રૂ. ૧.૨૦ લાખ (એક લાખ વીસ હજાર પુરા) કે તેથી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવે છે તે પ્રમાણેનો આવકનો દાખલો લાભાર્થી પરિવારે મેળવવાનો રહે છે તેમજ લાભાર્થીઓ રાશન કાર્ડ ધારક હોવા જરૂરી છે. જે લાભાર્થી પાસે રૂ. ૧.૨૦ લાખ (એક લાખ વીસ હજાર પુરા) કે તેથી ઓછી પારિવારીક વાર્ષિક આવકનો દાખલો હોય પરંતુ રાશન કાર્ડ ન હોય અને જો ઇમરજન્સીમાં સારવારની જરૂર પડે તો તેવા લાભાર્થીઓએ તાલુકા વિકાસ અધિકારી (ટી.ડી.ઓ) કે મામલતદાર દ્વારા રાશન કાર્ડની અવેજીમાં જે તે લાભાર્થી ગુજરાતના જ રહેવાસી છે તેવું પ્રમાણિત સર્ટીફિકેટ લાવવાનું રહેશે. ત્યાર બાદ જ લાભાર્થીને ખાસ કિસ્સામાં "મા વાત્સલ્ય" કાર્ડ પ્રાપ્ત થશે અને યોજના અંતર્ગત જોડાયેલ હોસ્પિટલોમાં ગંભીર બિમારીઓ માટે લાભ મેળવી શકશે. જે ધ્યાને લઇ અમલ કરવા વિનંતી છે.

N.B. Dholakia

અધિક નિયામક (પ.ક.)
આરોગ્ય તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ.વિ)
ગાંધીનગર.

નકલ સવિનય રવાના
વિ.ના.નિ. શ્રી. તમામ.